ગાંધીનગર સમાચાર
તા. ૨૨-૪-૨૦૧૫, બુધવાર

તંત્રી સ્થાનેથી....

દિલ્હી સરકારનું 'જનતા બજેટ'

અરવિંદ કેજરીવાલના નેતૃત્વ હેઠળની આમ આદમી પાર્ટીની સરકારે ચૂંટણી પ્રચારમાં આપેલ વચન મુજબ એનું પહેલું બજેટ જનતા જનાર્દનની સલાહ મુજબ બનાવવાનો નવતર પ્રયોગ હાથ ધર્યો છે. આવો પ્રયોગ અગાઉ બ્રાઝિલમાં થઇ ચૂક્યો છે. અરવિંદ કેજરીવાલ હાલ એમની જ પાર્ટીના અસંતુષ્ટો - યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભૂષણ તથા પ્રો. આનંદ કુમાર દ્વારા એમની વિરુદ્ધ લોકસંવાદ સ્વરુપે થઇ રહેલ વિદ્રોહનો સામનો કરી રહ્યાં છે. પાર્ટીનાં અંતરંગ વર્તુળો બે જૂથોમાં વહેંચાઇ ગયાં હોઇ અરવિંદની છાપ સરમુખત્યારશાહી શાસક તરીકે ઉપસી રહી છે. ત્યારે એમના જમણા હાથ જેવા દિલ્હીના ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદીયાએ એમના મત વિસ્તાર પડપડગંજમાં બજેટ ફાળવણી માટે મતદારોની બેઠક બોલાવીને સૂચિત રકમ કયા કામ માટે ફાળવવી એ વિશે પ્રજાજનોનો અભિપ્રાય માગ્યો હતો. દિલ્હીના આ ગીચ વિસ્તારમાં વાંદરાં-કૂતરાંનો પણ ઘણો ત્રાસ છે. તેથી કેટલાક લોકોએ બજેટમાં આ મુદ્દાને પ્રાથમિકતા આપવા વિનંતી કરી હતી તો વળી કેટલાક લોકોએ પાર્કિંગ વ્યવસ્થા માટે બજેટ ફાળવવાની દરખાસ્ત મૂકી હતી. પરંતુ સભામાં ઉપસ્થિત બહુમતી પડપડગંજ વિસ્તારમાં સીસીટીવી કેમેરા માટે બજેટ ફાળવવાનાં પક્ષમાં હોઇ એમની માગણી માન્ય કરાઇ હતી. મનીષ સિસોદિયા ગંભીર પ્રકૃતિના પરિણામલક્ષી નેતા છે. એમને અરવિંદ કેજરીવાલ સાથે અડીખમ ઢાલ બનીને પાર્ટીમાં જ જાગેલા વિદ્રોહને કડક હાથે દાબી દેવાનું વલણ અપનાવ્યું છે. બીજી તરફ પાર્ટીનો જનાધાર અને લોકોનો પાર્ટી પ્રત્યેનો સદ્‌ભાવ જળવાઇ રહે એ માટે એમણે ભારતમાં પહેલી જ વાર લોકોનો અભિપ્રાય મેળવી એ મુજબ બજેટ ફાળવણી કરવાનો નવતર પ્રયોગ અમલમાં મૂક્યો છે. આ પ્રયોગમાં દિલ્હીના અગિયાર વિધાનસભા મતવિસ્તારોનો સમાવેશ કરાયો છે. જો આ પ્રયોગ સફળ થશે તો દેશ અને દુનિયામાં કેજરીવાલ સરકારની વાહવાહ થશે, એમાં શંકાને સ્થાન નથી. સામે પક્ષે પોતાના જ સાથીઓ દ્વારા ઊભા કરાયેલ પડકારને પહોંચી વળવા માટે મનીષ સિસોદિયા અને એમનાં વફાદારોએ અસંતુષ્ટોને શિસ્તભંગની નોટીસ ફટકારી છે તથા એમને પાર્ટીમાંથી બરતરફ કરવાની દિશામાં આગળ વધી રહ્યાં છે. કેજરીવાલને સર્વમાન્ય નેતા તરીકે ઉપસાવવાની રણનીતિમાં તેઓ મહદંશે કામિયાબ પણ રહ્યાં છે. અલબત્ત, ચૂંટણી વખતે કેજરીવાલની જે ઇમેજ બંધાઇ હતી એને બળવાખોરોએ ઘણો ઘસારો પહોંચાડ્યો છે, છતાં પ્રજાલક્ષી કામગીરીમાં પ્રવૃત્ત રહીને એમના સાથીઓ શાસનમાં સ્વચ્છતા અને પારદર્શકતા આણવાનો ભરપૂર પ્રયાસ કરી રહ્યાં છે, તેની નોંધ લેવી જોઇએ. ખુદ ઉપમુખ્યમંત્રી એમના મતવિસ્તારની શાળાઓની ઓચિંતી મુલાકાતે દોડી જઇ મધ્યાહન ભોજનની વાનગીઓ ચાખીને એના સંચાલકોને મીડિયા સમક્ષ ખખડાવે છે. અધિકારીઓને મહોલ્લા દીઠ ફાળવેલ બજેટ મુજબ કામગીરી કરવા તાકીદ કરી દેવાની ચીમકી જાહેરસભામાં, પ્રજાજનોની સામે જ આપે છે. આમ, 'આમ આદમી પાર્ટી' ખરેખર 'આમ આદમી' ની સાથે હોવાની પ્રતીતિ કરાવી રહી છે. વિધાનસભાની ૭૦ બેઠકોમાંથી ૬૭ બેઠકો આપી વિક્રમ સર્જનારી પ્રજાએ એની નવી સરકાર પાસેથી ઘણી ઊંચી અપેક્ષાઓ રાખેલી છે, તે ન ભૂલવું જોઇએ.

સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર દ્વારા આયોજિત 'સમર કેમ્પ ફોર મોમ્સ'મા ૨૫૦ મહિલાઓએ ભાગ લીધો

સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર દ્વારા આયોજિત 'સમરકેમ્પ ફોર મોમ્સ' તા.૧૬ એપ્રિલ,૨૦૧૫ થી તા.૨૦ એપ્રિલ ૨૦૧૫ સુધી ચિલોડા સ્થિત શાળા ખાતે યોજાયો. સ્ત્રીશક્તિને જાગૃત કરવા અને નારીઓને તેમની શક્તિની ઓળખ અર્પવા સંસ્થા દ્વારા 'વુમન એમ્પાવરમેન્ટ' થીમ પર આયોજિત સેમિનારમાં ગાંધીનગરમાંથી અંદાજે ૨૫૦ સ્ત્રીઓએ હાજરી આપી,અભૂતપૂર્વ પ્રતિસાદ આપ્યો. તા.૧૬ એપ્રિલના રોજ ચિલ્ડ્રન યુનિ.ના એડવાઇઝર શ્રીમતી જયોતિબેન થાનકીએ 'નારી શક્તિ' વિષય ઉપર પ્રશંસનીય વકતવ્ય આપી, સ્ત્રીઓને તેમની શક્તિનો સહજ અહેસાસ કરાવ્યો. કુટુંબના હૃદય સમાન માતા જો જ્ઞાન સમુદ્ધ હશે તો તે કુટુંબનાં કેન્દ્રમાં રહી, કુટુંબને બેલેન્સ કરી શકશે તે ભાવને ભાવવાહી રીતે શાળાના સુપરવાઇઝર શ્રીમતી હિનાબેન ત્રિવેદીએ તા.૧૭ એપ્રિલ - ૨૦૧૫ના રોજ પ્રસ્તૃતિ કરી.

તા.૨૦ એપ્રિલ,૨૦૧૫ના રોજ લાઇફ મેનેજમેન્ટ કોચ શ્રી પરિક્ષિત જોબનપુત્રાએ **'Successful Parenting'** ઉપર ટીપ્સ આપી. બાળકની વર્તનપ્રણાલી ઘણીખરી મા-બાપ પર જ આધારિત હોય છે તે બાબતને વણી, પ્રત્યેક બાળક દયા, કરૂણા, સહકાર, મિત્રાચાર, સ્મિત, હાસ્ય, હળવાશ, મદદરૂપ થવાની ભાવના, આત્મીયતાની ભાવના, એકબીજાની કાળજી લેવાની ભાવના વગેરે સર્વ ગુણો ધરાવે છે અને તેનું જતન કરી તેમને બહાર લાવવાની જરૂરિયાત

ઉપર શ્રી જોબનપુત્રાએ પ્રભાવક વકતવ્ય આપી ઉપસ્થિત સ્ત્રીઓને બાળકોની માનસિક સ્થિતિ અને બાળઉછેર પર કેવી રીતે ધ્યાન આપવું તેની સમજ આપી. આ સેમિનાર દરમિયાન ટ્રેનિંગ તથા માર્ગદર્શન પ્રોફેશનલ એકસપર્ટ તથા બ્યુટીશિયન દ્વારા જ આપવામાં આવ્યું કે જે થકી ગાંધીનગરની ૨૫૦થી વધુ સ્ત્રીઓ વિવિધ હેરસ્ટાઈલ, બ્યુટી ટીપ્સ, કુકીંગ, હેલ્થ ટીપ્સ શીખી શક્યા. તદઉપરાંત કુકીંગમાં-મોકટેલ, સલાડ, ઓવન વિના બેકીંગ, પંજાબી વાનગીઓ શીખી શક્યા. સ્લીમીંગ ટીપ્સ અને આહાર વિષયક માર્ગદર્શન મેળવી લાભાન્વિત થયા. વળી, વિવિધ પ્રસંગોને અનુરૂપ સરળ હેરસ્ટાઈલની ટીપ્સ પણ મેળવી.

સહજાનંદ ચેરિટેબલ ટ્રસ્ટ આયોજીત લેડીઝ કાર્નિવલમાં ગાંધીનગરની માતા-બહેનોને લાભ અર્પવા ફ્રી ટ્રાન્સપોર્ટ(ઘ-૦થી પેથાપુર, ચ-૦થી ચ-૭) ઉપલબ્ધ કરવામાં આવ્યો.

આ સમર કેમ્પની ભવ્ય સફળતા માટે સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, શાળાના પ્રિન્સિપાલ શ્રીમતી સથી વેણુગોપાલ તથા તમામ સ્ટાફ મિત્રોએ ખૂબ જહેમત ઉઠાવી.

આજે સવારે ચ-૦ થી સાયકલ રેલીનું આયોજન

સમગ્ર વિશ્વમાં તા. ૨૨મી એપ્રિલનો દિવસ 'પૃથ્વી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીનગરની જી-૩ ક્લબ દ્વારા પર્યાવરણ જાગૃતિના હેતુથી સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલ રેલી સવારે ૭ વાગે ચ-૦ સર્કલથી પ્રારંભ થશે જે ચ-રોડ પર ચ-૫ થઈ ઘ-૫ થી ઘ-૦ થઈને ચ-૦ પરત ફરશે.

આ સાયકલ રેલીમાં ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા અને ગુડાના ચેરમેન આશિષ દવે સહિત અનેક અગ્રણીઓ જોડાશે. ગાંધીનગરને પ્રદૂષણ મુક્ત રાખવા સાયકલનો ઉપયોગ શક્ય હોય તેટલો વધુ કરવા જી-૩ ક્લબ દ્વારા આ રેલીનું આયોજન કરાયું છે. જેમાં જોડાવા તમામ નગરજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

સ્પષ્ટીકરણ

ગાંધીનગર સમાચારના તા. ૨૧મીના અંકમાં 'આજે પૃથ્વી દિવસ' નગરમાં સાયકલ રેલી યોજાશે' શિર્ષક હેઠળ અહેવાલ શરતચૂકથી છપાયો છે. સાયકલ રેલી તા. ૨૨મી એપ્રિલ, બુધવારના રોજ સવારે ૭ વાગે ચ-૦ થી યોજાશે. વાચકો તથા અન્ય સર્વેને આ બાબતે પડેલ તકલીફ અંગે અમો દિલગીર છીએ.

હરિની દૃષ્ટિ...

ભાઈ કાળા નાણું આપણે બહારથી લાવવાની જરૂર ક્યાં છે !! ઘરઆંગણે પેદા થાય એ પકડવાનું કામ કરવું એ પ્રાથમિકતામાં છે...!!

યુવાનોને સંસ્કૃતિ અને વારસા સાથે જોડવા માટે મૂલ્ય આધારિત શિક્ષણ અનિવાર્ય : રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ પી કોહલીએ નવી દિલ્હી ખાતે આર્યભટ્ટ કોલેજમાં યોજાયેલા વાર્ષિક ઈનામ વિતરણ અને ઉદ્‌ઘાટન સમારોહ ૨૦૧૫માં જણાવ્યું હતું કે આપણી શૈક્ષણિક સંસ્થાઓના નામ રાષ્ટ્રીય નેતાઓ અને બૌદ્ધિકો પરથી રાખવામાં આવે છે કે જેથી આપણે આપણી સાંસ્કૃતિક ધરોહરથી જોડાયેલા રહીએ અને પોતાનામાં રાષ્ટ્રીય ગૌરવની ભાવના આત્મસાત કરીએ.

શ્રી કોહલીએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે શૈક્ષણિક સંસ્થાનોએ મૂલ્ય-આધારીત શિક્ષણ આપવું જોઈએ કે જે આપણા યુવાનોને સાંસ્કૃતિક મૂળીયા સાથે સંલગ્ન કરવાની સાથે સાથે વૈશ્વિક પરિવર્તનશીલ પરિસ્થિતિમાં આપણા વિદ્યાર્થીઓ અનુકૂળતા સાધી શકે તે રીતે સજ્જ કરે.

શ્રી કોહલીએ વિદ્યાર્થીઓને અને શિક્ષકોને સંબોધતા કહયું હતું કે ભારત જ્ઞાન અને વિજ્ઞાનના પરંપરાનો ભવ્ય વારસો ધરાવે છે. આપણા રાષ્ટ્રીય સ્મારકો અને પ્રતિકો આપણને રાષ્ટ્રીય નૈતિકતા અને વારસો જાળવવામાં મદદરૂપ થાય છે પરંતુ સતત બદલાતા સમયમાં તે પોતાનો પ્રભાવ ગુમાવી રહયાં છે. પ્રત્યેક શૈક્ષણિક સંસ્થાએ રાષ્ટ્રિય નિર્માણ અને રાષ્ટ્રીય અખંડિતતા માટે યોગદાન આપવું જોઈએ.

આ -સંગે દિલ્હી યુનિવર્સિટીના કુલપતિ પ્રો. દિનેશ સિંઘ અને રાજયસભાના સાંસદ શ્રી ચંદન મિત્રા ઉપસ્થિત રહયાં હતા.

પેપર લીક કેસ મામલે સ્થળ સંચાલકને નોટીસ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષાને પૂર્ણ થયે એક મહીના જેટલો સમય પૂર્ણ થઈ ચૂક્યો છે. જો કે તેમ છતાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બાયાલોજીના પેપર લીકનો મામલો હજી શાન્ત થવાનું નામ નથી લઈ રહ્યો છે. વિદ્યાર્થી સંગઠનોની દબાણને લઈ આખરે અમદાવાદ જિલ્લા શિક્ષાધીકારી દ્વારા પોતાના સ્થળ સંચાલકને નોટીસ પાઠવીને ખુલાસો માંગવામાં આવ્યો છે. જો કે આ કેસમાં હજી સુધી જય સોમનાથ સ્કુલના સંચાલકો સામે કોઈ પગલા લેવામાં આવ્યા નથી. જેના કારણે વિદ્યાર્થી સંગઠનોમાં નારાજગી જોવા મળી છે.

'લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય' પર ત્રિ દિનાત્મક કાર્યક્રમ યોજાશે

સેક્ટર-૧૨ બલરામભવન ખાતે સવારે ૮.૦૦ વાગે તાવરિયાજી ગ્રૂપ દ્વારા મફ્ત કાર્યક્રમ યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૧

શહેરમાં તાવરિયાજી ગ્રૂપ ગાંધીનગર દ્વારા વિનામૂલ્યે શારીરિક, માનસિક, આધ્યાત્મિક વિષય પર કાર્યક્રમ યોજવામાં આવે છે. શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય કાર્યક્રમ ત્રણ દિવસ યોજાશે.

દિવસે દિવસે માનવી અનેક સમસ્યાઓમાં લપેટાઈ રહ્યો છે. માનવીમાં નીત નવા રોગોનો ઉમેરો થાય છે. પૂ. તાવરિયાજી ગ્રૂપ ગાંધીનગર દ્વારા શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય કાર્યક્રમ આગામી ૨૪, ૨૫, ૨૬ એપ્રિલના રોજ યોજવામાં આવશે.

પૂ. તાવરિયાજી ગ્રૂપ દર મહિને સેક્ટર-૧૨, બલરામ ભવન મંદિરના ભોંયતળીયા ખાતે સવારે ૮.૦૦ વાગે કાર્યક્રમ યોજે છે. ત્રિદિવસીય કાર્યક્રમમાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિષય પર માહિતી પુરી પાડવામાં આવશે. ત્રિદિનાત્મક નિઃશુલ્ક કાર્યક્રમમાં નગરની જનતાને લાભ લેવા ભાવપૂર્ણ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ ભૂતપૂર્વ કાર્યકરોનું સન્માન કરશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેર અને જિલ્લામાં વિવિધ પ્રવૃત્તિઓ કરતી ભારત સ્કાઉટ-ગાઈડ સંઘ દ્વારા ભૂતપૂર્વ કાર્યકરોનો અભિવાદન સમારોહ યોજવામાં આવશે.

પાટનગરમાં ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડ સંઘ દ્વારા ડૉ. બાબાસાહેબની ૧૨૫મી જન્મ જયંતિ વર્ષ તરીકે મનાવવામાં આવશે. ત્યારે આગામી ૨ મે ના રોજ ભૂતપૂર્વ કાર્યકરોનું અભિવાદન સમારોહ યોજાશે. અભિવાદન સમારોહમાં પૂર્વ કાર્યકરોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. વિવિધ પ્રકારની પ્રવૃત્તિમાં રસ ધરાવતા હોય, તેમજ ભૂતકાળમાં વિશિષ્ટ કામગીરી કરી હોય તેવા યુવક-યુવતીઓને જોડાવા મણીભાઈ પી. ચૌધરી, મણીબેન સી. દેસાઈ, દુર્ગાબા રાઓલે જણાવ્યું છે.

ડીપીએસમાં ફી વધારો પાછો નહીં ખેંચવાની આખરે સ્પષ્ટ

અમદાવાદ હાથીજણ વિસ્તારમાં આવેલ દિલ્હી પબ્લીક સ્કુલ (ડીપીએસ) સંચાલકોએ ફી વધારો પાછો ખેચવાની સ્પષ્ટ ના પાડી દીધી છે. સોમવારે મોડી રાત્રી સુધી આવેલી બેઠક બાદ શાળાના સંચાલકોએ વાલીઓને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધુ હતું કે તમારા બાળકોની એસ.સી. જોઈતી હોય તો લઈ જાવ પરંતુ શાળાની ફીમાં કોઈજ ઘટાડો કરવામાં નહી આવે ડીપીએસ સ્કુલનાં સંચાલકોઓ અને વાલીઓ વચ્ચે ફી વધારાની લઈ સોમવારે મોડી રાત્રી સુધી બેઠક ચાલી હતી. બેઠકના અંતે શાળાના સંચાલકોએ ફી વધારો પાછો ખેચવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો શાળાના સંચાલકોએ દિલ્હી ખાતેથી તમામ સંસ્થાઓ માટે સમાન રીતે લાગુ કરાય છે જેથી ફી વધારાને પરત ખેચવાનો નિર્ણય અમે લઈ શકીયે તેમ નથી. અગાઉ ૩૦ ટકા ફી વધારો કરાયો હતો જો કે વાલીઓની માંગને ધ્યાનમાં રાખીને આ ફી વધારો ઘટાડીને ૧૫ ટકા કરવામાં આવ્યો છે ત્યારે હવે વધુ કોઈ ફી ઘટાડો કરવાની કોઈ શક્યતા નથી.

શિક્ષકોની આંતરિક બદલી માટે સોફટવેરનો ઉપયોગ

અમદાવાદ, તા. ૨૧

સરકારી પ્રાથમીક શિક્ષકોની બદલી લઈને દર વર્ષ વિવાદ ઊભો થતો હોય છે.દર વર્ષ નવા સત્રથી શરૂઆતમાં સમગ્ર રાજયમાં સર્જાતા આવા વિવાદના કાયમી ઉકેલ માટે રાજય સરકારે એક ખાસ કોમ્પ્યુટર સોફટવેર તૈયાર કરવામાં આવ્યું છે. ત્યારે હવે શિક્ષકોની બદલીની પ્રકિયા આ કોમ્પ્યુટર સોફટવેરની મદદથી કરવામાં આવશે. જે માટે શાળામાં શિક્ષકોની ખાલી જગ્યા અને બદલી માટે શિક્ષકોની અરજીને કોમ્પ્યુટર સોફટવેરમાં અપડેટ કરવામાં આવશે. અને તેના આધારે શિક્ષકોની બદલીની પ્રકિયા હાથ ધરવામાં આવશે.

પ્રાપ્ત થતી માહીતી મુજબ રાજયમાં પ્રાથમિક શાળાના શિક્ષકોની આંતરીક બદલી લઈ દર વર્ષ વિવાદ ઊભો થતો હતો હોય છે. પરંતુ બદલી કેમ્પમાં ગુણદોષનો નિર્ણિય અધિકારીઓની મનસુફી પર નિર્ભર હોઈ તેમાં ભારે ગેરરીતીની જોવા મળતી હતી. જેને લઈને વિવાદ થતા હતા આવી સ્થિતીના ઉકેલ માટે રાજય સરકારે શિક્ષકની માટે એક સોફટવેરની મદદથીજ કરવામાં આવશે.

જેમાં દર વર્ષ શૈક્ષણીક સત્રની શરૂઆતમાં દરેક શાળાની ખાલી જગ્યાઓ અંગે સોફટવેર એન્ટ્રી કરવામાં આવશે. ત્યાર પછી નિયત તારીખે બદલીની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. જેમાં સોફટવેરમાં ફિક્સ કરાયેલ ફિચર્સ આધારે ક્યાં શિક્ષકની ક્યાં બદલી થઈ છે તે નક્કી થશે. ઉલ્લેખનીય છે કે, હાલ બદલી કરવા ઈચ્છતાં શિક્ષકો પાસેથી અરજી લેવામાં આવે છે. જેમાં શિક્ષકને કયા તાલુકાની કઈ શાળામાં જવુ તેની પ્રાથમિકતા પૂછવામાં આવે છે. જે માહીતીઓનાં આધારે શાળાની ખાલી જગ્યાઓ અને શિક્ષકોની સિનિયોરીટી અંગે કેમ્પમાં હાજર અધિકારી બદલીના સ્થળ અંગે નિર્ણય કરતા હોય છે. જે બાદ શિક્ષકની કઈ શાળામાં બદલી થઈને નક્કી કરાય છે.

પૃથ્વીને સ્વચ્છ રાખવા કટિબદ્ધ બનીએ તો ધરતી દિનની ઊજવણી સાર્થક બની કહેવાશે

આજે ૨૨મી એપ્રિલ, આજનો દિવસ સમગ્ર વિશ્વમાં ધરતી દિવસ તરીકે ઊજવાય છે. આ બાબત જો સમાચારપત્રોમાં ન છપાઇ હોત તો આ દિવસ કદાચ કોઇને યાદ પણ ન આવત જો કે આપણા સમાચારપત્રો સમાજના જાગૃત સંત્રી છે. આજે સમગ્ર વિશ્વ સંચાર માધ્યમોથી એકબીજાની નજીક આવતું જાય છે. ગ્લોબલાઇઝેશનના જમાનામાં સમગ્ર વિશ્વ નાનકડાં ગોળામાં ફેરવાતું જાય છે ત્યારે તેની પૃષ્ઠબાજુનો પણ વિચાર કરવો જરુરી બને છે. વિશ્વના બધા જ દેશો વિકાસની આંધળી દોટ મૂકી રહ્યાં છે ત્યારે તેની પુરોગામી અસરોથી જાગૃત થવાની જરુર છે. આજે પૃથ્વી કયાં છે. પ્રકૃતિનો જે હ્રાસ થઇ રહ્યો છે તે જાણવું પણ જરુરી છે. આપણે સૌ વાતો કરવામાં અવ્વલ નંબરે પરંતુ ઠોસ કદમ ઉઠાવવામાં સૌથી છેલ્લે છીએ. આમાં આપણો પણ વાંક નથી કારણ કે આપણે માનીએ છીએ કે આવડી મોટી પૃથ્વીને સાચવવા કે બચાવવા આપણે એકલા શું કરી શકવાના. પરંતુ એ ન ભૂલીએ કે રામસેતુ બનાવવામાં એક ખિસકોલી પણ પોતાનું શ્રમદાન આપતી હતી. ગુજરાતી કહેવત પ્રમાણે ''ટીપે ટીપે સરોવર ભરાય'' એ નાતે આપણે પૃથ્વીનું જતન કરવાનું શરું કરીશું તો ચોક્કસ સારું પરિણામ મેળવી શકીશું અને ભાવિ પેઢીને સુરક્ષિત પૃથ્વીની ભેટ આપી શકીશું. તો આવો આજના દિવસે પૃથ્વીને જાણીએ, માણીએ અને તેના જતન માટે સંકલ્પ ધારણ કરીએ.

● ધરતી દિવસનો ઇતિહાસ :

આજથી લગભગ ૪૦-૪૫ વર્ષો પહેલાં અમેરિકા વિકાસની હરણફાળ ભરી ચૂક્યું હતું ત્યારે ત્યાંની ઔદ્યોગિક પ્રવૃત્તિઓ ફેલાતી વાસ અને પ્રદૂષિત હવાથી લોકો ત્રાસી રહ્યાં હતા. લોકો શ્વાસોશ્વાસમાં ગૂંગણામણ અનુભવતા હતા. પ્રકૃતિ પર વધતાં જતાં અત્યાચાર અને પ્રદૂષણને કારણે ગ્લોબલવોર્મિંગની અસરો વધી રહી હતી ત્યારે વિશ્વસ્તરે પણ આ બાબતની ચિંતા હતી. આ દિવસોમાં લોકજાગૃતિ માટે અમેરિકાના સેનેટર ગેલાર્ડ નેલશન દ્વારા ૨૨મી એપ્રિલ ૧૯૭૦ ના દિવસે રાષ્ટ્રીય સ્તરે દેખાવો યોજવા અનુરોધ કરવામાં આવ્યો. વિપરીત સંજોગો છતાંય પ્રસ્તુત કાર્યક્રમમાં લોકજુવાળ ઉમટી પડ્યો. ત્યારબાદ દુનિયાભરમાં ખ્યાતિ પામેલ ઈપીએ - એન્વારોમેન્ટ પ્રોટેકશન એજન્સી - નામની સંસ્થા સ્થાપવામાં આવી. ૧૯૭૦ થી ૧૯૯૦ સુધી આ સંદેશ સમગ્ર વિશ્વમાં ફેલાઈ ગયો. અને ૧૯૯૦ થી આ દિવસને આંતરરાષ્ટ્રીય દિવસના રુપે મનાવા લાગ્યો. અને છેલ્લે ૨૦૦૯ માં સંયુક્ત રાષ્ટ્રએ પણ ૨૨મી એપ્રિલને ધરતી દિવસ તરીકે સમગ્ર વિશ્વમાં મનાવવા માટે જાહેરાત કરી.

(૧) ધરતી (પૃથ્વી) ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં :

બ્રહ્માંડમાં આવેલી આકાશગંગા તારા વિશ્વ (ગેલેક્સી) માં બહારની ધાર પર સૂર્યમંડળ આવેલું છે. જે તેના કેન્દ્રથી લગભગ ૧૦૫ પ્રકાશવર્ષ અંતરે છે. સૂર્યમંડળમાં ત્રીજા નંબરે આવેલો સૂર્યમંડળનો પાંચમા નંબરમાં કદમાં મોટો ગ્રહ છે. પૃથ્વીના નજીકના ગ્રહો શુક્ર અને બુધ છે. પૃથ્વી હિન્દુ સંસ્કૃત આધારે મહારાજા પૃથુસેન સાથે જોડાયેલી દંતકથાથી પ્રચલિત છે. તેના અન્ય નામ ધરતી, ધરા, ધરિત્રી, રસા, રત્નગર્ભા વગેરે છે. લેટિન નામ 'ટેરા' છે.

ધરતી દિવસ પ્રસંગસર

- સંકલન : ગીતેષભાઇ એ. પટેલ

પૃથ્વી પરની જમીન પ્લેટોથી ઓળખાતા વિશાળકાય ટુકડાઓમાં ફેલાયેલી છે. આ પ્લેટો હવે ખંડ તરીકે ઓળખાય છે. પૃથ્વીની જમીન નાના-મોટા સાત ખંડોમાં વિભાજીત થયેલ છે. આ ખંડો સરકતા રહે છે અને ક્યારેક ભૂકંપનું કારણ બને છે.

● ધરતી આપણી માતા

સમગ્ર સંસારમાં મા ને ભગાનથી પણ ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે. કારણ કે 'મા' ફક્ત આપણને જન્મ જ નથી આપણી પરંતુ આપણું પાલનપોષણ કરી સંસારમાં રહેવાલાયક બનાવે છે.

હમણાં જ આપણાં માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ વિદેશ પ્રવાસે ગયેલા ત્યારે બર્લિનમાં ધારદાર રજૂઆત કરેલી તેમણે કહ્યું કે, પર્યાવરણની જાળવણી કોઇએ કરી હોય તો તે ભારતીયોએ કરી છે. ભારતીયો નદીઓને માતા ગણે છે અને વૃક્ષોને પૂજે છે. ધરતી અમારી માતા છે.' એ વાત આજે યાદ કરવી જરુરી છે. આપણી સંસ્કૃતિમાં હંમેશા નૈસર્ગિક સંપત્તિની જાળવણી કરવાની જવાબદારી આપણે સૌએ સ્વીકારી છે. આટલા દેવી-દેવતાઓ સાથે વન્યપ્રાણીઓ, સજીવો, વનસ્પતિ સંકળાયેલા છે.

એમાંય આપણે સૌ ગુજરાતીઓ વિક્રમ સંવત વર્ષના વૈશાખ માસની સુદ ત્રીજના રાજો અખાત્રીજની ઊજવણી કરીએ છીએ. આ દિવસે ધરતીનો લાલ ખેડૂત પોતાના ખેતરમાં જઇ 'હળોતરા' કરે છે. ધરાની પૂજા કરે છે. ભારતીય સંસ્કૃતિમાં પૃથ્વીનું જતન કરવાનું સ્પષ્ટ પ્રતિબિંબ મળે છે. વિશ્વમાં તો ૧૯૭૦ થી ધરતી દિવસ ઉજવાય છે. જયારે આપણા દેશમાં વર્ષોથી આ પરંપરા ચાલી આવે છે. પરંતુ આ પ્રથા ફક્ત એક પ્રણાલી ન બને અને ખરેખર પૃથ્વીનું જતન કરવામાં આવે તેવા કાર્યક્રમો યોજાય અને સાચે જ પૃથ્વીને સ્વચ્છ રાખવા કટિબદ્ધ બનીએ તો આ પર્વની ઊજવણી સાર્થક બની કહેવાશે.

● ધરતી દિવસે આપણી નૈતિક ફરજો

આજે સમગ્ર વિશ્વમાં વિકાસની હરણફાળ ભરાઇ રહી છે. ત્યારે તેને પહોંચી વળવા પૃથ્વીના ધરાતલમાંથી ખનિજો અને વિપુલ ભંડારો ખોદાઇ રહ્યાં છે. ઔદ્યોગિક વિકાસને કારણે દૂષિત પાણી ગમે ત્યાં વહાવી રહ્યા છે. ગટરોમાં ગંદા પાણી નદીઓમાં વહાવી નદીઓને ગટરગંગા બનાવવામાં આવી રહી છે. ત્યારે આપણે શું કરી શકીએ? મિત્રો આ બધાની સામે એકસૂર થઇ રજૂઆત કરવામાં આવે તો ચોક્કસ પરિણામ મળે. અરે, એ ન કરીએ તો કેટલાક નાના પગલાં ભરીને પણ ધરતીની માનવજત કરી શકાય. જેમ કે, - નૈસર્ગિક સંપત્તિ વૃક્ષો, હવા, પાણી, વનસ્પતિ, પ્રાણીઓ વગેરેનો વિવેકપૂર્વક ઉપયોગ કરીએ.

- જરુર જેટલું જ પાણી વાપરીએ પાણીનો બગાડ અટકાવીએ.

- ગરમાં ડીટર્જન્ટ, પ્લાસ્ટીક, જંતુનાશકો, બગીતા કે ખેતરમાં બિનજરુરી રાસાયણિક ખાતર વગેરે ન વાપરીએ અથવા જરુરી હોય એટલું જ વાપરીએ.

- ઘરગથ્થું કચરો, ગંદુ પાણી, બાયો - મેડીકલ કચરો વગેરેનો નિકાલ યોગ્ય અને સલામત પદ્ધતિથી કરીએ.

- દેવી-દેવતાઓની મૂર્તિઓ જળાશયમાં ન પધરાવીએ.

- ખોટી માન્યતાઓને લઇને નદીઓ, જળાશયોના પાણી દૂષિત ન કરીએ.

- વાહનોનો ઉપયોગ ઘટાડી, શક્ય હોય તો ચાલવાનું પસંદ કરીએ, સાયકલ વાપરીએ અથવા સામૂહિક વાહન કે પરિવહન બસનો ઉપયોગ કરીએ.

- વૃક્ષારોપણ કરીએ કમસે કમ ઘરે એક છોડ અવશ્ય વાવીએ જગ્યા ન હોય તો અગાશીમાં રાખી શકાય તેવા ફૂલ-છોડના કૂંડા ઘરની અગાશીમાં રાખી શકાય તેવા ફૂલ-છોડના કૂંડા ઘરની સંખ્યાના બે ગણા પ્રમાણમાં ઉછેરીએ.

- બાયો - ડિગ્રેડેબલ કચરામાંથી ખાતર બનાવીએ.

- ઘરમાં ઊર્જાની બચત કરીએ. બિનજરુરી ઉર્જાના સાધનો બંધ રાખીએ, ટીવી, મોબાઇલ ચાર્જર, મ્યુઝિક - સિસ્ટમની મેઇન સ્વીચ બંધ રાખીએ.

- બિન પરંપરાગત સાધનો, સૌર કૂકર, બાયો ફયુઅલ આધારીત સાધનો વાપરીએ.

- 'યુઝ એન્ડ થ્રો' વસ્તુઓનો ઉપયોગ ઘડાઈએ વારંવાર વાપરી શકાય તેવી વસ્તુઓનો ઉપયોગ વધારીએ.

- ધાતુ, પ્લાસ્ટિક, કાગળ વગેરે કચરાને રિસાઇકલ માટે આપીએ.

- શેરી, રસ્તા, ફૂટપાથ, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, બાગ-બગીચા, શાળા-કૉલેજ વગેરે જાહેર સ્થળોએ કચરો ન નાખીએ ફક્ત કચરાપેટીમાં જ કચરો નાંખીએ.

- પર્યાવરણીય ઉજવણીના સ્થાનિક કાર્યક્રમોમાં ભાગ લઇએ.

- સ્વચ્છ પર્યાવરણ વિષે જનજાગૃતિ આવે તેવા પ્રયત્નો કરીએ તેની આસપાસના લોકો સાથે ચર્ચા કરીએ.

- સ્